દાખલ તારીખ :– ૦૧–૦૯–૨૦૨૫
નોંધ્યા તારીખ :– ૦૧–૦૯–૨૦૨૫
ફેંસલ તારીખ :– ૧૩–૦૩–૨૦૨૬
સમયગાળો :– વર્ષ –માસ –દિવસ

**અમદાવાદ(ગ્રામ્ય)ના મહે. પ્રીન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.નવરંગપુરા, અમદાવાદ**

**દીવાની પરચૂરણ અરજી નં.૪૧૧–૨૦૨૫**

અરજદાર : મણીલાલ હરજીભાઈ લકુમ
રહે.ગીરમથા ગામ, તા.દસક્રોઈ, જી.અમદાવાદ

વિરુધ્ધ

સામાવાળા : ૧. સુરભીબેન ભરતભાઈ લકુમ
રહે.ગીરમથા ગામ, તા.દસક્રોઈ, જી.અમદાવાદ
૨. સુધીરકુમાર જીવરામભાઈ ચૌહાણ
રહે.૫૫૭, ચૌહાણ ફળીયું, શેલા ગામ,
તા.સાણંદ, જી.અમદાવાદ

બાબત : ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૪ મુજબ સ્પે.દી.મુ.નં.૨૫ – ૨૦૧૮, સ્પે.દી.મુ.નં.૪૫ – ૨૦૨૨ તથા સ્પે.દી.મુ.નં.૧૩ – ૨૦૧૮ એક જ કોર્ટમાં એક સાથે ચલાવવા બાબતની અરજી

.....................................................................

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી પી.બી.મહાવર

સામાવાળા નં.૧ તરફે વિ.વ.શ્રી કે.ડી.પરમાર

સામાવાળા નં.૨ તરફે વિધ્વાન વકીલ શ્રી એસ.આર.પંડયા

.....................................................................

**: <u>આંક–૧ નીચે હુકમ</u> :**

૧. અરજદાર તરફે હાલની અરજી સી.પી.સી. કલમ–૨૪ હેઠળ સ્પે.દીવાની મુકદ્દમા નં.૨૫/૨૦૧૮ તેમજ સ્પે.દીવાની મુકદ્દમા નં.૪૫–૨૦૨૨ આ બંને દાવાઓ હાલ એડી.સીનીયર સીવીલ કોર્ટ, સાણંદમાં પેન્ડીંગ છે અને બંને દાવાઓ સાથે ચલાવવાનો હુકમ થયેલ છે, જયારે સ્પે.દી.મુ. નં.૧૩–૨૦૨૫ નો દાવો હાલ પ્રીન્સીપલ સીનીયર સીવીલ કોર્ટ,સાણંદમાં પેન્ડીંગ છે. ઉપરોકત ત્રણેય દાવાઓ એક જ કોર્ટમાં એક સાથે ચલાવવા માટે કોઇ એક જ કોર્ટમાં ટ્રાન્સફર કરવાનો હુકમ કરવા માટેની દાદ માંગેલ છે અને અરજદારે આ અરજી સાથે આંક – ૩ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખેલા છે.

૨. અરજદાર તરફે અરજી દાખલ થયા બાદ સામાવાળાઓને નોટીસ કરતાં તેઓને બજી ગયેલ છે. સામાવાળા નં.૧ તરફે આંક–૯ થી અને સામાવાળા નં.૨ તરફે આંક–૧૩ થી લેખિત જવાબ રજૂ થયેલ છે.

૩. સામાવાળા નં.૧ તરફે અરજદારની અરજી સામે આંક–૯ થી રજૂ લેખિત જવાબમાં જણાવેલ છે કે, સ્પે.દીવાની મુકદ્દમા નં.૨૫–૨૦૧૮ માં તેઓના પુરાવા તથા જુબાની રજૂ થઇ ગયેલ છે પરંતુ છેલ્લી ૨૮ મુદતથી તેઓના પુરાવા માટે છે. તેઓ ઉલટ તપાસ માટે કોર્ટમાં હાજર રહેલ હોવાછતાં ઉલટ તપાસ થતી નથી અને કામ વિલંબિત થાય છે. સ્પે.દી.મુ.નં.૪૫–૨૨ છેલ્લી ૨૮ મુદતથી અરજદાર/વાદીના પુરાવા માટે હોવાછતાં તેઓ પુરાવો રજૂ કરતા નથી. અરજદાર ધ્વારા આ બંને કામમાં વિલંબ કરાવવા સારું હાલની અરજી કરેલ છે. સ્પે.દી.મુ.નં.૧૩–૨૦૨૫ ના કામમાં સામાવાળા નં.૧ નાએ સી.પી.સી.ઓર્ડર–૭, રુલ–૧૧ ની અરજી દાખલ કરેલ છે. જે કામ આખરી સુનાવણી ઉપર પેન્ડીંગ છે ત્યારે હાલની અરજી કામ વિલંબીત કરવાના હેતુસર દાવો ટ્રાન્સફર કરવા માટે આપેલ હોય તે સામે તેઓને વાંધો હોવાનું જણાવી અરજી ખર્ચ સહિત રદ કરવા જણાવેલ છે.

૩.૧ સામાવાળા નં.૨ તરફે અરજદારની અરજી સામે આંક–૧૩ થી રજૂ લેખિત જવાબમાં જણાવેલ છે કે, સ્પે.દી.મુ.નં.૨૫–૧૮ તથા સ્પે.દી.મુ.નં.૪૫–૨૨ ના કામમાં સામાવાળા નં.૨ ને પક્ષકાર તરીકે જોડેલા

નથી તેમજ તેઓ વિરુધ્ધ તે દાવો કરેલ નથી. આમ, ત્રણેય દાવાના પક્ષકારો, દાવાની તકરારો અને દાવામાં માંગવામાં આવેલી દાદ અલગ અલગ છે. જેથી ત્રણેય દાવાઓ એક જ કોર્ટમાં એક સાથે ચલાવવા માટેની હાલની અરજી ખર્ચ સહિત રદ કરવા જણાવેલ છે.

૪. અરજદાર તરફે વિ.વ.શ્રી એલ.પી.રાવલની દલીલો સાંભળી. સામાવાળા નં.૧ તરફે આંક–૧૨ થી લેખિત દલીલો રજૂ થયેલ છે.

૫. અરજદારની અરજી તથા સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તેમજ બંને પક્ષકારોની રજૂઆતને ધ્યાનમાં લેતાં તકરારી જમીન બાબતે આ કામના સામાવાળા નં.૧ નાએ અરજદારની સામે કરેલ સ્પે.દી.મુ. નં.૨૫–૨૦૧૮ નો દાવો અને આ કામના અરજદારે આ કામના સામાવાળા નં.૧ સામે કરેલ સ્પે.દી.મુ.નં.૪૫–૨૦૨૨ નો દાવો હાલ એડી.સીનીયર સીવીલ કોર્ટ, સાણંદમાં પેન્ડીંગ છે જયારે સામાવાળા નં.૨ નાએ અરજદાર અને સામાવાળા નં.૧ ની સામે કરેલ સ્પે.દી.મુ.નં.૧૩–૨૦૨૫ નો દાવો હાલ પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, સાણંદમાં પેન્ડીંગ છે. આ ત્રણેય દાવાઓ સાણંદ ખાતેની કોઇ એક જ કોર્ટમાં સાથે ચલાવવા માટે ટ્રાન્સફર કરવા માટે હાલની અરજી કરેલ છે. હાલની અરજીની વિગતો જોતાં આ અરજી સીવીલ પ્રોસીજર કોડની કલમ–૨૪ હેઠળ કરવામાં આવી છે. તેમજ સદર દાવાઓ અંગે આજરોજ ઓનલાઇન સી.આઇ.એસ. સીસ્ટમમાંથી સ્ટેટસ ચેક કરતાં સ્પે. દી.મુ.નં.૨૫–૨૦૧૮ અને સ્પે.દી.મુ.નં.૪૫–૨૨ એડી.સીનીયર સીવીલ કોર્ટ, સાણંદમાં વાદીના પુરાવા માટે પેન્ડીંગ છે, જયારે સ્પે.દી.મુ.નં.૧૩–૨૦૨૫ મુખ્ય સીનીયર સીવીલ કોર્ટમાં સમન્સ/નોટીસના સ્ટેજ ઉપર પેન્ડીંગ હોવાનું જણાઇ આવેલ છે. આ ત્રણેય દાવા અરજીઓની હકીકત વંચાણે લેતાં આ ત્રણેય દાવા અરજીઓના પક્ષકારો તથા તકરારી જમીનની વિગતો મહદઅંશે એક સમાન જણાઇ આવેલ છે. સાથે સાથે સ્પે.દી.મુ.નં.૨૫–૨૦૧૮ અને સ્પે.દી.મુ. નં.૪૫–૨૦૨૨ છેલ્લી ઘણી મુદતથી પુરાવા ઉપર પેન્ડીંગ હોવાની જે સામાવાળા પક્ષ તરફે રજૂઆત થયેલ છે તે બાબતે સદર ત્રણેય દાવાઓ એક જ કોર્ટમાં એકત્રિત કરી સાથે ટ્રાયલ ચલાવવામાં આવે અને ટ્રાયલ કોર્ટને આ દાવાઓ શકય તેટલી ઝડપથી પૂર્ણ કરવા માટેનું જરુરી ડાયરેકશન આપવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે અને તેથી

ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**હુ ક મ**

અરજદારની અરજી મંજૂર કરવામાં આવે છે.

એડી.સીનીયર સીવીલ કોર્ટ, સાણંદમાં પેન્ડીંગ સ્પે.દી.મુ.નં.૨૫–૨૦૧૮ અને સ્પે.દી.મુ.નં.૪૫–૨૦૨૨ ન્યાયિક નિર્ણય માટે પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ,સાણંદમાં ટ્રાન્સફર કરવાનો હુકમ કરવામાં આવે છે.

આથી ટ્રાયલ કોર્ટને સૂચના આપવામાં આવે છે કે, સદર દાવાઓની ટ્રાયલ શકય તેટલી ઝડપથી પૂર્ણ કરવી અને પક્ષકારોએ તેમાં જરુરી સાથ સહકાર આપવો.

ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

સંબંધિત કોર્ટ અને શાખાઓને જરુરી યાદી કરવી.

હુકમ આજ તા.૧૩ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૧૩–૦૩–૨૦૨૬

(કમલ એમ. સોજીત્રા)
પ્રીન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ
અમદાવાદ(ગ્રામ્ય) નવરંગપુરા
[Code : GJ01494]